

પ્રાંતિજમાં મદન મોહન લાલજી મંદિર ખાતે હિંડોળા બનાવવામાં આવ્યા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલા મદન મોહન લાલજીના મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ વિવિધ પ્રકારના હિંડોળા બનાવવામાં આવ્યા હતા જેમાં હરિભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પ્રાંતિજ દેસાઈની પોળમાં આવેલ મદન મોહન લાલજી મંદિર ખાતે આ વર્ષે પણ મંદિર વ્યવસ્થા સ્થાપક દ્વારા વિવિધ પ્રકારના હિંડોળા ભરવામાં આવ્યા હતા જેમાં ફૂલોનો હિંડોળો, ફળોનો હિંડોળો, સુકા મેવાનો હિંડોળો, દર્પણનો હિંડોળા તથા શ્રાવણ-ભાદરવો જેવો આબેહુબ મ્યુઝીક સંગીત લાઈટો સાથે હિંડોળા ભરવામાં આવ્યો હતો. જેમાં વૈષ્ણવ સમાજના ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જ્યારે રત્નાબેન, ભરતભાઈ તથા મંદિરના ટ્રસ્ટી શરદભાઈ પરીખ વગેરે દ્વારા દરરોજ હિંડોળાની સજાવટ કરવામાં આવે છે અને દરરોજ મંદિરના સંકુલમાં ભજન કિર્તન કાર્યક્રમ પણ હરિભક્તો દ્વારા યોજાયો છે.

# રાજ્યમાં ભારે વરસાદની ચેતવણી

અમદાવાદ, તા.૧૯

ઉત્તર ગુજરાત, પૂર્વ અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. જેના પરિણામ સ્વરૂપે તંત્ર સંપૂર્ણપણે સાવધાન થઈ ગયું છે. સાથે સાથે એલર્ટ પણ થઈ ગયું છે. અમદાવાદમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે ગુજરાતમાં કેટલાક ભાગોમાં સારો વરસાદ થયો હોવાના અહેવાલ પણ મળ્યા છે. જોકે આ સંદર્ભમાં પુરતી માહિતી મળી શકી નથી. સૌરાષ્ટ્રમાં પણ હળવા ઝાપટા પડ્યા હોવાના અહેવાલ મળ્યા છે. બીજી બાજુ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદમાં છેલ્લા કેટલાક દિવસથી બ્રેકની સ્થિતિ રહી છે. સૌરાષ્ટ્ર-કચ્છ ઉપર મોર્નિંગ અપર એયર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ જોવા મળી રહી છે. આ સ્થિતિ દરિયાઈ સપાટી ઉપર કેન્દ્રિત થયેલી છે. મધ્યપ્રદેશમાં હેવી ડીપ્રેશનની સ્થિતિ હોવાના પરિણામ સ્વરૂપે ભારે વરસાદની ચેતવણી જારી કરાઈ છે. આ વખતે ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદમાં હજુ સુધી અપેક્ષા કરતા ઓછો વરસાદ થયો છે. અમદાવાદમાં ભારે વરસાદના માત્ર બે રાઉન્ડ યોજાયા છે. માત્ર બે જ વખત અમદાવાદમાં એવો વરસાદ પડ્યો છે જ્યારે જનજીવનને અસર થઈ છે. મોટાભાગે સિઝનમાં સામાન્ય વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગ તરફથી ચેતવણી જારી કરવામાં આવ્યા બાદ ગુજરાતમાં ખાસ વિસ્તારોમાં એલર્ટ ઉપર તંત્રને રાખવામાં આવ્યું છે. દેશના કેટલાક ભાગોમાં હાલ પુરની સ્થિતિ છે. જેમાં ઉત્તરપ્રદેશનો સમાવેશ થાય છે. થોડાક દિવસ પહેલા જ આસામ, અરૂણાચલપ્રદેશ, બિહારમાં પણ ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું. આ વખતે દેશમાં સારો વરસાદ થયો છે. આજે અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૨.૪ અને લઘુત્તમ તાપમાન ૨૫.૪ ડિગ્રી રહ્યું હતું. જ્યારે પાટનગર ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૮ ડિગ્રી રહ્યું હતું. હવામાન વિભાગ તરફથી આગામી પાંચ દિવસ સુધી મધ્યમથી ભારે વરસાદની આગાહી તંત્ર દ્વારા કરવામાં આવી છે.

# પ્રાંતિજના રાસલોડ ગામના છ યુવાનોની રાસલોડ ખાતે મોડી સાંજે અંતિમયાત્રા નીકળી

## એક સાથે છ નનામી સાથે નિકળતા સમગ્ર વાતાવરણ શોકમગ્ન બન્યુ : રક્ષાબંધનનો પવિત્ર તહેવાર માતમમાં ફેરવાયો

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતેના ગલતેશ્વર ખાતે આવેલ સાબરમતી નદીમાં ન્હાવા પડેલ રાસલોડ ગામના છ યુવાનો પાણીમાં ગરકાવ થતાં છ એ યુવાનોના મોત થતાં તેમની અંતિમ યાત્રામાં હજારો સંખ્યામાં લોકો જોડાયા હતા.

પ્રાંતિજના રાસલોડ ગામના છ યુવાનો રક્ષાબંધનના પવિત્ર દિવસે પ્રાંતિજના ગલતેશ્વર ખાતે આવેલ મંદિરે દર્શન કરી પાસે આવેલ સાબરમતી નદીમાં ન્હાવા પડ્યા હતા જ્યાં બે યુવાનો ઉંડા ધરામાં ડુબવા લાગતાં અન્ય ચાર યુવાનોએ તેમને બચાવવાની કોશીશ કરતાં તેવો પણ પાણીમાં ગરકાવ થઈ જતાં છ એ યુવકોનું પાણીમાં ડુબી જવાથી મોત નિપજ્યું હતું. જ્યારે મોતના સમાચાર વાયુવેગે સગાસબંધી સહિત પંથકમાં પ્રસરી જતાં આખુંય ગામ સહિતના લોકો અંતિમ ક્રિયામાં જોડાયા હતા.

# અરવલ્લી જિલ્લામાં ૧૫ દિવસ માટે પ્રતિબંધક આદેશો જાહેર કરાયા

અરવલ્લી, તા. ૧૯

પારસી નુતન વર્ષ, રક્ષાબંધન, જન્માષ્ટમી વિગેરે તહેવારો આવતા હોઈ તેમજ ખાનગી ઈનપુટોને ધ્યાને લેતાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી અરવલ્લી, મોડાસાએ તેઓના તા. ૧૨-૮-૨૦૧૬ના પત્રથી તકેદારીના પગલારૂપે તા. ૧૭-૮-૨૦૧૬ના કલાક ૬.૦૦થી તા. ૩૧-૮-૨૦૧૬ના કલાક ૨૪.૦૦ સુધી સમગ્ર જિલ્લામાં અમલમાં રહે તે પ્રતિબંધક આદેશો માટે જાહેરનામુ બહાર પાડવા વિનંતી સહ દરખાસ્ત કરેલ છે. જે પરત્વે નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાયેલ છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અરવલ્લી જિલ્લો, મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩)થી મને મળેલ અધિકારની રૂએ અરવલ્લી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી સિવાય તા. ૧૭-૮-૨૦૧૬ના કલાક ૬.૦૦ થી તા. ૩૧-૮-૨૦૧૬ના કલાક ૨૪.૦૦ સુધી જિલ્લામાં અમલમાં રહે તે રીતે કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી.

આ હૂકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઈ જતા ખેડૂતોને તેમજ અન્ય સરકારી કાર્યક્રમને લાગુ પડશે નહી. આ હૂકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના નેકલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.



મોડાસાની લાયોનેસ બહેનોએ પોલીસ કર્મીઓના કાંડે બાંધ્યુ રક્ષાકવચ

પોલીસ કર્મચારીઓ પોતાના વતનથી દૂર અન્ય જગ્યાએ ફરજ બજાવતા હોવાથી તેમજ સતત ફરજમાં વ્યસ્ત હોવાથી બહેનના હાથે રાખી બાંધી શકતા નથી. તદ્ઉપરાંત પરિવારજનો સાથે અન્ય ત્યૌહાર પણ મનાવી શકતા નથી અને સતત ફરજ પરના સ્થળે ખડે પગે ઉભા રહી પ્રજાજનોની ફરજ બજાવતા રહે છે. મોડાસા લાયન્સ ક્લબની લાયોનેસ બહેનોએ મોડાસા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અને ટ્રાફિક જવાનોના હાથે રક્ષાબંધનના દિવસે કાંડે રાખડી બાંધી તેમની રક્ષા માટે ઈશ્વરને પ્રાર્થના કરી હતી. પોલીસ કર્મીઓએ રક્ષાસુત્ર બાંધી રક્ષા માટેના આશીર્વાદ આવ્યા હતા.

# અમીરગઢ પોલીસ દ્વારા ગૌવંશ ખીચોખીચ ભરાયેલ ટ્રક ઝડપાઈ

પાલનપુર, તા. ૧૯

તાજેતરમાં ભારતના વડાપ્રધાન દ્વારા ૮૦ ટકા ગૌરક્ષકોને ગુંડા કહ્યા બાદ જાણે કસાઈયોને ગૌવંશ કતલ કરવા માટેનું પ્રોત્સાહન મળી ગયું હોય તેમ કસાઈઓ છડેચોક કાયદાની જોગવાઈઓનું મજાક ઉડાવી પશુઓની ગેરકાયદેસર રીતે હેરાફેરી કરી તેમને કતલખાને ધકેલવા માટે સક્રીય થયા છે. ગઈ કાલે રાત્રે અમીરગઢ પોલીસ દ્વારા પકડવામાં આવેલ ગૌવંશ ભરેલ ટ્રક ઉપરથી કસાઈઓની સક્રીયતા સ્પષ્ટ થઈ છે.

રાજસ્થાન અને ગુજરાત બોર્ડર પર આવેલ ચેકપોસ્ટ ઉપર તૈનાત પોલીસ કર્મચારીઓને ગૌરક્ષકો તરફથી માહિતી મળેલ કે રાજસ્થાન તરફથી ખીચોખીચ ગોવંશ ભરીને ટ્રક કતલખાને જાય છે તેથી પોલીસ તાત્કાલિક હરકતમાં આવી હતી અને પેટ્રોલિંગ તેમજ વાહનોની તપાસ કરી બંદોબસ્ત ગોઠવ્યો હતો. ત્યાં જ રાજસ્થાન તરફથી પુરઝડપે આવી રહેલ ટ્રક આર.જે.૧૯.જી.સી. ૮૪૪૫ને રોકવા જતાં ટ્રકચાલકે પુરઝડપે હંકારી પોલીસના બેરીયર તોડી ભગાવી મુકી હતી. જ્યારે ફિલ્મી ઢબે પોલીસે ગૌરક્ષકોને સાથે લઈ ટ્રકનો પીછો કરી પકડી પાડી હતી. ટ્રકને પકડતા સમયે ટ્રકના ડ્રાઈવર અને કંડકટર સાથે ટ્રકમાં બેઠેલા માણસો ભાગી છુટ્યા હતા.

પોલીસે ટ્રકની તાડપતરી વિગેરે ખોલતાં જ પોલીસના હોશ ઉડી ગયેલા હતા. અંદર વચ્ચે પાટીયા મારી બે માળ બનાવી ખીચોખીચ હાલતમાં ૬૫ વાંછરડાઓ ભરેલ હતા. જેઓની સ્થિતિ ખુબજ ગંભીર હોઈ પોલીસે તાત્કાલિક જરૂરી કાર્યવાહી પુર્ણ કરી રાજપુર ડીસા પાંજરાપોળના મંત્રી ભરતભાઈ કોઠારીને જાણ કરી ગોવંશ સંભાળી લેવા જણાવતાં ભરતભાઈએ સહમતી આપી ગૌવંશને પાંજરાપોળમાં આશ્રય આપ્યો હતો. પોલીસ આ જીવોને લઈ રાત્રીના ૧૨.૩૦ વાગ્યાના સુમારે પાંજરાપોળ પહોંચી હતી અને તરત જ પાંજરાપોળે પશુઓ માટે ખાવા-પીવાની વ્યવસ્થા કરી જરૂરી ટ્રીટમેન્ટ પુરી પાડી હતી.

અમીરગઢ પોલીસ સ્ટેશન આઈપીસીની કલમ ૨૭૯, એમ.વી.એક્ટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪, ૧૯૨ તેમજ ગૌવંશ હત્યા પ્રતિબંધ ધારો (ગુજરાત)ની કલમ ૫, ૬, ૮, ૯ અને ૧૦ તેમજ પશુક્રૂરતા નિવારણ અધિનિયમની જોગવાઈઓ મુજબ ગુનો દાખલ કરી ૬૫ વાંછરડાઓ પાંજરાપોળને વચગાળાની કસ્ટડીના ભાગરૂપે સોંપેલ હતા.

## પ્રતિબંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુકી દેવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ પહેલા નાડા નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી દ્વારા નરસિંહ યાદવને ક્લીન ચીટ આપી દેવામાં આવી હતી. સાથે સાથે તેના પર પ્રતિબંધ દુર કરી લીધો હતો. નાડા તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે ડોપિંગ માટે નરસિંહને દોષિત ગણી શકાય નહી. નરસિંહને ઓલિમ્પિકમાં ભાગ લેનાર ભારતીય ટુકડીમાં સામેલ કરવામાં આવ્યો હતો. પરંતુ ડોપ ટેસ્ટમાં પોઝિટીવ આવ્યા બાદ તેનુ નામ યાદીમાંથી દુર કરવામાં આવ્યુ હતુ. જાણકાર લોકોનુ કહેવુ છે કે ચાર કલાક સુધી ચર્ચા વેળા વાડાએ નાડાને કેટલાક પ્રશ્નો કર્યા હતા. વાડાએ દલીલ કરી હતી કે સોનિપતમાં કુસ્તીબાજોની ટ્રેનિંગ દરમિયાન ભોજનમાં કોઈ ચીજવસ્તુઓ મિલાવી દેવાની વાત કરવામાં આવી રહી છે તેનાથી તે સંતુષ્ટ નથી.

# મોડાસાના શીણાવાડ નજીક જીપની ટક્કરથી ૬ને ઈજા

મોડાસા, તા. ૧૯

રક્ષાબંધનના દિવસે અરવલ્લી જિલ્લાના મોડાસા-મેઘરજ રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા શીણાવાડ પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર નજીક બે



પેસેન્જર જીપ વચ્ચે અકસ્માત સર્જાતા પેસેન્જરોથી ભરેલી તુફાન જીપ પલટી જતા ૬ લોકોના શરીરે ઈજાઓ પહોંચી હતી. ચાર મુસાફરોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ખસેડાયા હતા.

અરવલ્લી જિલ્લાના મુખ્યમાર્ગો પર બેફામ દોડતા ખાનગી વાહન ચાલકોના કારણે વારંવાર અકસ્માત સર્જાય છે. મોડાસા તરફથી મુસાફરો ભરીને મેઘરજ તરફ જઈ રહેલી તુફાન જીપને રાજસ્થાન તરફથી આવતી જીપે જોરદાર ટક્કર મારતા તુફાન જીપ રોડની બાજુમાં રહેલી ચોકડીમાં ઉતરી પડી ત્રણ-ચાર પલટી મારી જતા જીપમાં મુસાફરી કરતા મુસાફરોને ઈજાઓ પહોંચી હતી. ધડાકાભેર અથડાયેલી જીપમાં પણ મુસાફરો ભરેલા હોવાથી ચિચિયારીઓથી શીણાવાડ ગુંજી ઉઠ્યું હતું. તુફાન જીપ પલટી ખાઈ જતા જીપના બન્ને ટાયર પણ નીકળી ગયા હતા. અકસ્માતના પગલે શીણાવાડ ગામના લોકો દોડી આવી અકસ્માતમાં ઈજા પામેલા લોકોને જીપમાંથી બહાર કાઢી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. સામાન્ય ઈજાગ્રસ્ત બનેલા મુસાફરોને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. તુફાન જીપમાં મુસાફરી કરી રહેલા મોહનભાઈ ડામોર (રહે. આંબલીયા)ના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની ઘટનાની જાણ મોડાસા રૂરલ પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે ધસી આવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## પાકિસ્તાની નાગરિક...

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. ૨૬ વર્ષીય આ શખ્સ નંદલાલ મેઘવાલ તરીકે ઓળખાયો છે જે પાકિસ્તાનના સંગાદ જિલ્લાનો નિવાસી હોવાનું જાણવા મળ્યું છે. વિઝા ઉપર આ મહિનાની શરૂઆતમાં તે ભારત આવ્યો હતો. ત્યારબાદથી તે ભારતમાં જાસૂસી કરી રહ્યો છે. એડીજી ઈન્ટેલિજન્સ યુઆર સાહુએ માહિતી આપતા કહ્યું છે કે બાતમીના આધાર ઉપર ઈન્ટેલિજન્સ અધિકારીઓની એક ટીમ જેસલમેરમાં એક હોટલથી તેને પકડી પાડવામાં સફળ રહી છે. આ શખ્સે એસડી કાર્ડમાં અતિ ગુપ્ત માહિતી સ્ટોર કરેલી હતી. આ ઉપરાંત સંરક્ષણ સંસ્થાઓ અને વાહનોના ફોટાઓ પણ તેની પાસે મળી આવ્યા છે.

## ઈમ્પેક્ટ કેસો..

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિતીનભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલી એક મહત્વપૂર્ણ જાહેરાતમાં સરકાર તરફથી ઈમ્પેકટફી ભરીને બાંધકામોને નિયમિત કરવા અંગેની મુદતમાં ૩૧મી માર્ચ સુધી વધારો કરવામાં આવ્યો હોવાની જાહેરાત કરવામાં આવી છે.સરકાર તરફથી ઈમ્પેકટ યોજના હેઠળ મુદતમાં સતત ચોથી વખત વધારો કરવામાં આવ્યો છે.અમદાવાદ શહેરમાં પાંચ લાખથી પણ વધુ ગેરકાયદેસર બાંધકામો બંધાઈ ગયા છે. જે પૈકી ઈમ્પેકટ ફી ભરીને ગેરકાયદેસર બાંધકામોને નિયમિત કરવા માટે કુલ મળીને ૨.૪૩ લાખ જેટલી અરજીઓ શહેરના છ ઝોનમાંથી મ્યુનિસિપલ તંત્રને મળી હતી. જે પૈકી એક લાખ ઉપરાંત અરજીઓ વિવિધ કારણો આગળ કરીને દફતરે કરી દેવામાં આવી હતી.

## નેતૃત્વમાં લડાશે..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જણાવ્યું હતું કે ૨૦૧૭માં ભાજપ વિજય મેળવીને ગુજરાતમાં ભાજપનો ગઢ હોવાનું સાબીત થાય. કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કરતાં તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં કોંગ્રેસના સમયમાં નર્મદાના પાણી પહોંચાડી શકતી નહોતી. ગામડાઓમાં ચાર દિવસે પાણી મળતુ હતુ. ટેન્કરો ચલાવવા પડતા હતા. પરંતુ જ્યારથી ગુજરાતમાં ભાજપ સરકાર સત્તા પર આવી ત્યારથી ભાજપ સરકાર પ્રજાની સરકાર હોવાનો લોકોને અહેસાસ થાય તેવું કામ કર્યું છે.

ગુજરાતમાં નરેન્દ્ર મોદી સરકારે નર્મદાના પાણી સૌરાષ્ટ્રને પહોંચાડીને ટેન્કરરાજ બંધ કર્યું. ગામડાઓને ૨૪ કલાક થ્રી ફેઈજ વીજળી પુરી પાડવામાં આવી, રાજ્યના તમામ ગામોને રસ્તાઓથી જોડવામાં આવ્યા છે. ભાજપ સરકારે આમ પ્રજા માટે અનેક પ્રજાલક્ષી યોજનાઓ મુકી અને ગુજરાતને એક મોડલ રાજ્ય બનાવ્યું છે. ભાજપનું સંગઠન એક આદર્શ સંગઠન દેશમાં છે અને દેશમાં ૧૧ કરોડ કાર્યકરો સાથે સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે. કેન્દ્રની ભાજપ સરકારે અઢી વર્ષમાં કરેલા પ્રજા કલ્યાણલક્ષી કાર્યો પરથી એવુ સ્પષ્ટ દેખાય છે કે કેન્દ્ર ભાજપ માત્ર પાંચ વર્ષ માટે નહી લાંબા સમય માટે શાસન કરશે એમ તેમણે જણાવ્યું હતું.

## વાવેતર...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં આ વખતે સોયાબીનનું વાવેતર થયું છે. તો મગફળીનું વાવેતર પણ ૬ હજાર હેક્ટર વિસ્તારમાં નોંધાયું છે. કપાસનું વાવેતર ઘટીને ૨૧,૨૧૮ હેક્ટર થયું છે. ઘાસચારાનું વાવેતર ૨૩,૮૧૭ હેક્ટરમાં નોંધાયું છે. બાજરીનું વાવેતર પણ ઘટ્યું છે જે ૩૪૭૩ હેક્ટર જેટલું છે.

જિલ્લામાં હાલ ખેડૂતો ફેર રોપણીના પાક વરિયાળી, ટામેટા, મરચી, રીંગણના વાવેતરમાં વધુ વ્યસ્ત જોવા મળી રહ્યા છે. જિલ્લામાં ખેડૂતો દ્વારા આ વખતે બાગાયતી પાકોના વાવેતર વિસ્તારમાં વધારો થતો જોવા મળી રહ્યો છે.

# અરવલ્લી જિલ્લા એલસીબી દ્વારા ૧,૬૮,૭૦૦નો ઈંગ્લિશ દારૂ તથા બે આરોપી પકડાયા

અરવલ્લી, તા. ૧૯

પોલીસ મહાનિરીક્ષક ગાંધીનગર વિભાગ, ગાંધીનગરનાઓ દ્વારા પ્રોહીબીશન અંગે અસરકારક કામગીરી કરવા સૂચના આપતાં પોલીસ અધિક્ષક અરવલ્લી જિલ્લાનાઓ તરફથી મળેલ માર્ગદર્શન મુજબ પી.એસ. પરમાર ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. એલસીબી મોડાસા તથા એલસીબી સ્ટાફનાઓ દ્વારા વાંટડા ગામની સીમમાં જરૂરી વોંચ તથા નાકાબંધી કરતા કમલેશ અનોપજી ઠાકોર રહે. મહુડાવાળી ચાલી, ધરમનગર, સાબરમતી રેલવે સ્ટેશન સામે, સાબરમતી અમદાવાદ મુળ રહે. ક્વોટ, તા. ડીસા, જી. બનાસકાંઠા, ભરતકુમાર વણવીરજી ઠાકોર રહે. ગણેશપુરા, ધરમનગર, સાબરમતી રેલવે સ્ટેશન સામે, સાબરમતી અમદાવાદ મુળ રહે. ખારીવાવડી, તા. જી. પાટણનાઓ ટાટા સફારી ગાડી નંબર જીજે.૧. એચ. એમ.૨૨૮૮માં ઈંગ્લિશ દારૂ તથા બીયરની જુદી જુદી બ્રાન્ડની કુલ આખી પેટી નંગ ૩૧ તથા છુટી બોટલ નંગ. ૨૩ મળી કુલ બોટલ-ટીન નંગ. ૪૯૧ જેની કિં. રૂ. ૧,૬૮,૭૦૦નો ભરી લાવી તથા સફારી ગાડી કિં. રૂ. ૫ લાખ તથા મોબાઈલ ફોન નંગ. ૨ કિ. રૂ. ૨૦૦૦ તથા રોકડ રૂ. ૨૧૦૦ મળી કુલ ૬,૭૨,૮૦૦ના મુદામાલનો મુદ્દામાલ કબજે કરેલ છે.

# સે-૨૪ ખાતે અથર્વવેદ પારાયણ મહાયજ્ઞનો પ્રારંભ

આર્યસમાજ ગાંધીનગર દ્વારા અથર્વવેદ પારાયણ મહાયજ્ઞનો પ્રારંભ થઈ ચુકયો છે. આ મહાયજ્ઞ નિમિત્તે તા. ૨૦ ઓગષ્ટના રોજ સાંજે ૫.૦૦ કલાકે અથર્વવેદ પારાયણ યજ્ઞ અને રાત્રે ૭.૦૦ કલાકે ભજન ઉપદેશનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત તા. ૨૧ ઓગષ્ટના રોજ સવારના ૯.૦૦થી ૧૧.૦૦ કલાક દરમિયાન અથર્વવેદ પારાયણ યજ્ઞ તેમજ સવારના ૧૧ થી ૧૨ કલાક દરમિયાન ભજન ઉપદેશ યોજાશે તથા ૧૨ કલાકે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સેકટર-૨૪, આર્યસમાજના કાર્યાલય ખાતે મહાયજ્ઞના બ્રહ્મા આચાર્યા પ્રિયવંદા વેદભારતીના વ્યાસપીઠે અથર્વવેદ પારાયણ મહાયજ્ઞ કરાશે.



અરવલ્લી જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા રક્ષાબંધન પર્વે અનોખી ઉજવણી કરવામાં આવી હતી. મોડાસા તાલુકાના ટીંટોઈ ગામ નજીક આવેલા ફુટા ગામમાં સામુહિક રક્ષાબંધન પર્વની ઉજવણી કરી શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને ચોપડા વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ વ્યસનમુક્ત સમાજ બનાવવા ગામ લોકો સાથે સંવાદ યોજવામાં આવ્યો હતો. જેમાં જિલ્લા પ્રમુખ સંજયજી ઠાકોર, ઉપપ્રમુખ વિરેન્દ્રસીંહ ઠાકોર, મોડાસા તાલુકા પ્રમુખ જગદીશસીંહ ઠાકોર તેમજ તાલુકાની ટીમના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ઓપન ડેફીનેશન...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં જાહેર શૌચાલયો ઓછા છે એટલુ જ નહિ જે વસ્તીનું ભારણ છે તેને પણ ધ્યાને લેવામાં નહિ આવ્યાનું જાણવા મળેલ છે. આ માટે આ વોર્ડમાં શૈક્ષણિક સંસ્થાઓ ઓછી તેમજ સર્વેલન્સ પણ ગંભીરતાથી નહિ થવાની વાતો ચર્ચાઈ રહી છે.

ગાંધીનગર શહેરના અન્ય બોર્ડ હવે પછી તબક્કાવાર ઓપન ડેફીનેશન ફ્રી એરિયા તરીકે જાહેર કરવામાં આવશે તેમ મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આજે મળેલ સ્થાયી સમિતિએ આ નિર્ણય લીધો છે. ગતિશીલ ગુજરાત અંતર્ગત આવા એરિયાઓ જાહેર કરવા માટે લક્ષ્યાંક સૂચવવામાં આવ્યો હતો તે અંતર્ગત સ્થાયી સમિતિએ આજે આ નિર્ણય લીધેલ છે. ગતિશીલ ગુજરાત અંતર્ગત શહેરી વિકાસના લક્ષ્યાંકો જે દર્શાવવામાં આવ્યા છે તેમાં મનપાનું તંત્ર ઉણુ ઉતરી રહ્યાની ચર્ચા પણ જાગી છે.

આજે સ્થાયી સમિતિની બેઠક ગોકુલપુરામાં રૂ. ૧૮ લાખના ખર્ચે માર્ગ બનાવવાના ટેન્ડરને પણ મંજૂરી આપી છે. આ ઉપરાંત વિસ્તાર વિકાસ ગ્રાન્ટ અંતર્ગત ટ્રી ગાર્ડની ખરીદી માટેના ટેન્ડરને પણ બહાલી આપવામાં આવી છે. એક ટ્રી ગાર્ડ રૂ. ૫૫૧ ની કિંમતે ખરીદવામાં આવશે. આ ટ્રી ગાર્ડ માટેની માંગ વધી રહી છે.

## સમસ્યા હલ થશે..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાણવા મળશે. ડહોળા પાણીની વકરતી સમસ્યાને અનુલક્ષી આજે ચરેડી પમ્પીંગ સ્ટેશન ખાતે અધિકારીઓની બેઠક પણ યોજવામાં આવી હતી. સેકટરોમાં પાણીનો સપ્લાય ઘટાડવામાં આવે તો હાલ ડહોળા પાણીની સમસ્યાને ડામી શકાય તેમ છે. ત્યારે તંત્ર દ્વારા પાણીના સપ્લાયમાં કાપ મુકવાની પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. પાણીનો સપ્લાય શનિવારથી ઘટાડી દેવામાં આવશે જેથી સેકટરવાસીઓને ડહોળા પાણીની સમસ્યામાંથી છુટકારો મળશે.

## સે.૨૮ જીઆઈડીસી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બની છે. જયારે સે-૨૮ ના જી આઈ ડી સી વિસ્તારમાં છેલ્લા કેટલાક વર્ષોથી ગટરો ઉભરાવાની સમસ્યાના લીધે નર્કાગાર જેવી સ્થિતિ સર્જાતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જી આઈ ડી સી વિસ્તાર તેમજ આદિવાડામાં ગટરના દુષિત પાણી ઉભરાતા સ્થાનિક મુલાકાતીઓ તેમજ રહીશો માટે દયનીય સ્થિતિનુ નિર્માણ થાય છે. આ ફરિયાદોને અનુલક્ષી માર્ગ મકાન વિભાગ દ્વારા કોર્પોરેશનના અધિકારીઓ સાથે યોજાયેલી બેઠક દરમિયાન મૌખિક રજુઆત કરવામાં આવી હતી. જે અંગે દરખાસ્ત સુપ્રત કરાયા બાદ કોર્પોરેશન દ્વારા જી આઈ ડી સી તેમજ આદિવાડા વિસ્તારની ગટરલાઈનનો પેચીદો પ્રશ્ન હલ કરવા માટે રૂ ૧ કરોડની રકમ ફાળવવામાં આવી છે કોર્પોરેશન દ્વારા આ રકમનો ચેક વિભાગને સુપ્રત કરી દેવાયો છે. જેના અંતે હવે ટુંકમાં જ આ કામગીરી માટે ટેન્ડર પ્રકીયા હાથ ધરાશે જી આઈ ડી સી થી સે-૨૪ ચાર રસ્તા ગ માર્ગને જોડતી ગટરલાઈનનુ કામ હાથ ધરવામાં આવશે. જો કે કામ શરૂ થતા હજુ બે મહીના જેટલો સમય લાગશે.